**EDII**

**Divya Bhaskar**

**May 17, 2024**
**Page No.7**
**of City Bhaskar**

**ANNOUNCEMENT** EDII અને ગુજરાત સરકારના કુટીર, ગ્રામીણ ઉદ્યોગ દ્વારા હાલ સુધીમાં 20 હસ્તકલાને GI ટેગ મળ્યાં છે

# ગુજરાતની એમ્બ્રોઈડરી, ક્રાફ્ટ, વણાટ, પ્રિન્ટને GI ટેગ મળ્યો

**અમદાવાદ:** ગુજરાત સરકારના કુટીર અને ગ્રામીણ ઉદ્યોગના કમિશનર દ્વારા આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા (EDII)ના સહયોગથી ગુજરાતની 4 પરંપરાગત હસ્તકલાને GI ટેગ આપવામાં આવ્યું છે. આ હસ્તકલામાં ગુજરાત સૂફ એમ્બ્રોઈડરી,અમદાવાદ સોદાગરી બ્લોક પ્રિન્ટ, સુરત સાડેલી ક્રાફ્ટ અને ભરૂચ સુજાની વણાટનો સમાવેશ થાય છે.

ગુજરાતની સમૃદ્ધ હેરિટેજ હસ્તકલાનાં સંરક્ષણ માટે ઈડીઆઈઆઈ સતત પ્રયત્નશીલ છે તેમજ હસ્તકલા સેતુ અંતર્ગત હાલ સુધીમાં 33,000 કારીગરોને મદદ કરીને આંત્રપ્રિન્યોરશિપ માટે તૈયાર કરવામાં આવ્યા છે. આ વિશે વાત કરતા EDIIના ડાયરેક્ટર જનરલ ડૉ.સુનિલ શુક્લાએ જણાવ્યું કે, 'EDII હસ્તકલા યોજના પ્રોજેક્ટ હેઠળ આંત્રપ્રિન્યોર્સને તેમની સ્કિલ્સ અને નોલેજમાં વધારો કરવા અને તેમને નવા માર્કેટ સુધી પહોંચાડવા માટેનું પ્રોત્સાહન આપવામાં આવે છે. જેથી, આજે તેઓ હાઈ ડિમાન્ડ સાથે ઈનોવેટિવ, પ્રોડક્ટ બનાવી રહ્યાં છે. GI ટેગિંગ એ તેમની યુનિક હસ્તકલાને ઓળખ આપવા માટેની એક મોટી પહેલ છે.' ગુજરાત સરકારના કુટીર અને ગ્રામીણ ઉદ્યોગ કમિશનર અને સચિવ પ્રવીણ સોલંકીએ આ વિશે વાત કરતાં જણાવ્યું કે, 'ગુજરાત યુનિક હસ્તકલાનું ઘર છે અને તેને આગળ વધારવાની જવાબદારી આપણી છે.' નાબાર્ડના ચીફ જનરલ મેનેજર/ઓઆઈસી બી.કે. સિંઘલે કહ્યું કે, 'અત્યાર સુધીમાં નાબાર્ડ દ્વારા 650 પ્રોડક્ટ્સને GI ટેગ આપવમાં આવ્યાં છે. જેમાંથી 300 પ્રોજક્ટ્સના રજીસ્ટ્રેશનમાં નાબાર્ડે મદદ કરી હતી. પરંપરાગત કલા અને કારીગરી આપણો વારસો છે અને તેને પોષવાની અને ઓળખવાની જરૂર છે. નાના પાયાના ઉદ્યોગો, કુટીર અને ગ્રામ્ય ઉદ્યોગો, હસ્તકલા અને અન્ય ગ્રામીણ હસ્તકલાને પ્રોત્સાહન આપવા માટે નાબાર્ડની પ્રતિબદ્ધ છે.'

## જેમાં સૂફ એમ્બ્રોઇડરી,સોદાગરી બ્લોક પ્રિન્ટ, સાડેલી ક્રાફ્ટ, સુજાની વણાટનો સમાવેશ



**આગામી સમયમાં વાનગીઓ, ઘર કેવી રીતે બનાવવું વગેરે બાબતોને પણ GI ટેગ મળવું જોઈએ - કાર્તિકેય વી.સારાભાઈ**

હસ્તકલા અને ગુજરાતના સમૃદ્ધ વારસા વિશે વાત કરતા CEEના ફાઉન્ડર ડિરેક્ટર કાર્તિકેય વી.સારાભાઈએ કહ્યું કે, 'ભારત દેશ કારીગરોની પેઢીઓથી સચવાયેલી પોતાની હસ્તકલા પરંપરાઓની વિવિધતાથી સમૃદ્ધ છે. આ આપણા રાષ્ટ્રનું ગૌરવ છે અને હજારો વર્ષોની ભારતની અખંડ પરંપરાનો પુરાવો છે. આવનારા સમયમાં વાનગીઓ, ઘર કેવી રીતે બનાવવું વગેરે બાબતોને પણ GI ટેગ મળવું જોઈએ. મને ખાતરી છે કે, આ વિકાસ હસ્તકલાને મજબૂત બનાવવા અને કારીગરોમાંના ઉદ્યોગસાહસિકોને પ્રોત્સાહન આપશે.'